# ગાંધીનગર જીલ્લો




- ❖ ક્ષેત્રફળ:- ૨,૧૬૩ ચો. કિમી.
- ❖ ગાંધીનગર જીલ્લાની આજુબાજુ મહેસાણા.અમદાવાદ, ખેડા, અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લાઓ આવેલા છે.
- ❖ સ્થાપના :-૧૯૬૪
- ❖ વિધાનસભાની કુલ સીટો :-૫ { દહેગામ, ગાંધીનગર દક્ષિણ,ગાંધીનગર ઉત્તર,માણસા અને કલોલ }
- ❖ વસ્તી :- ૧૩,૮૭,૪૭૮ (૨૦૧૧ મુજબ)
- ❖ સાક્ષરતા :- ૮૫.૭૮%
- ❖ વસ્તી ગીચતા :-૬૪૧ એક ચો.કિમી (વ્યક્તિ દીઠ)
- ❖ જાતિ પ્રમાણ (૧૦૦૦ પુરુષોએ) :- ૯૨૦
- ❖ મુખ્ય મથક :- ગાંધીનગર
- ❖ તાલુકાઓ :- (4) (1) ગાંધીનગર (2) દહેગામ (3) કલોલ (4) માણસા
- ❖ વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ❖ તાલુકાપંચાયતનીસીટોઅનેબેઠકો:-૪ (બેઠકો:- ૧૧૬)
  (ગાંધીનગર- ૩૬, દહેગામ-૨૮, કલોલ- ૨૮, અનેમાણસા-૨૪)
- ❖ જિલ્લા પંચાયત સીટ :- ૩૦
- ❖
- ❖ મહાનગર પાલિકા :- વોર્ડ-૧૧ (બેઠકો-૪૪)
- ❖ નગરપાલિકાઓ :- ૪ (બેઠકો- પેથાપુર, દહેગામ, કલોલ, અને માણસા)
- ❖ ગામડાઓ :- ૨૮૧ (ગાંધીનગર-૭૩, દહેગામ-૯૧, કલોલ-૬૯ અને માણસા-૪૮)
- ❖ આરટીઓ નંબર :- GJ-18
- ❖ નદીઓ :- સાબરમતી, ખારી, મેશ્વો, વાત્રક

- ❖ અભ્યારણ્ય :- થોળ પક્ષી અભ્યારણ્ય
- ❖ વાવ :- અડાલજની વાવ (રાણી રૂડાબાઈએ બંધાવેલ)ઉવારસદની વાવ,સાંપાની વાવ
- ❖ રાજ્યકક્ષાનું વન:- પુનિત વન (૨૦૦૪)
- ❖ ડેરી :- મધર ડેરી (ભાટ), મધુર ડેરી ( ગાંધીનગર)
- ❖ મુખ્ય પાકો :- જુવાર, ડાંગર, બાજરી, ઘઉં, મગ, એરંડા, વરીયાળી, બટાકા
- ❖ ઉદ્યોગો:-ડેરી ઉદ્યોગ, રાસાયણિક ખાતર, ઈલેક્ટ્રોનિક્સ, ખેતીના ઓજારો, પાક સંરક્ષણ દવાઓ, ઈફકો (કલોલ)
- ❖ સંશોધન કેન્દ્ર :- ફળ સંશોધન કેન્દ્ર, દહેગામ
- ❖ શૈ.સંસ્થાઓ :-
  - પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી,ગાંધીનગર
  - નિરમા ઈન્સ્ટીટયુટ, ગાંધીનગર
  - કડી સર્વ વિશ્વ વિદ્યાલય , ગાંધીનગર
  - ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનીકેશન ટેકનોલોજી **(DAIICT)** ગાંધીનગર (સ્થાપના – ૨૦૦૩)
  - વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જીનીયરીંગ કોલેજ,ગાંધીનગર
  - જીએમઈઆરએસ મેડીકલ કોલેજ,ગાંધીનગર
  - ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટી,ગાંધીનગર
  - ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી,ગાંધીનગર ((સ્થાપના-૨૦૦૯)
  - કામધેનું યુનિવર્સિટી,ગાંધીનગર (સ્થાપના-૨૦૦૯)
  - ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર (સ્થાપના-૨૦૦૯)
  - વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
  - નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી,ગાંધીનગર(સ્થાપના-૧૯૮૬)
  - પ્લાઝમા રિસર્ચ ઈન્સ્ટીટયુટ સંસ્થા ભાટ, ગાંધીનગર (સ્થાપના- ૧૯૮૬)
  - ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર (સ્થાપના-૨૦૦૯)
  - ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર (૨૦૦૯)
  - સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર (૨૦૦૯)
  - ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન **(GEER)**, ગાંધીનગર
  - એન્ટરપ્રિનીયોશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા **(EDI)** ભાટ,ગાંધીનગર`
  - ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર, ગાંધીનગર

જોવાલાયક સ્થળો:-અક્ષરધામ, ઇન્દ્રોડા પાર્ક, અડાલજની વાવ, થોળ પક્ષી, અભ્યારણ, બરફનું શિવલિંગ-અમરનાથ, ઘંટાકર્ણ મહાવીર (મહુડી), સરિતા ઉદ્યાન , હરણ ઉદ્યાન (ગાંધીનગર),

<u>વિશેષ નોંધ :</u>

- ❖ ગાંધીનગર સાબરમતીને કિનારે વસેલું છે.
- ❖ ગુજરાતનું પાટનગર ગાંધીનગર સુઆયોજિત શહેર છે.
- ❖ આ શહેર 30 સેક્ટરોમાં વહેચાયેલું છે.
- ❖ સરિતા ઉદ્યાન વગેરે અનેક બગીચાઓ જોવાલાયક છે.
- ❖ સેક્ટર 20 માં આવેલું 'અક્ષરધામ' વિશ્વભરમાં પ્રખ્યાત છે.
- ❖ અનેક વિશાળ સરકારી ઓફિસો આવેલી છે.
- ❖ ગાંધીનગરથી થોડે દુર અડાલજની વાવ, ફનવર્લ્ડ, ઈન્દ્રોડા પ્રાકૃતિક શિક્ષણ કેન્દ્ર અને ડાયનાસોર પાર્ક,વિધાનસભા ગૃહ,ધોળેશ્વર મહાદેવ જોવાલાયકસ્થળો છે.
- ❖ ડભોડા હનુમાનજીનું પ્રાચીન મંદિર આવેલું છે.



gnanbhandar.com

- ગાંધીનગર જિલ્લાના મહુડી જૈન મંદિર ઘંટાકર્ણ મંદિર આવેલું છે જેની સુખડીની પ્રસાદી પ્રખ્યાત છે. આ મંદિરની આચાર્ય બુદ્ધિસાગરજીએ સ્થાપના કરી હતી.
- અડાલજમાં અડાલજની વાવ વાઘેલા રાજવંશના રાણા વીરસિંહની યાદમાં રાણી રૂડાબાઈએ રાજયમાં પાણીની તંગી નિવારવા બંધાવેલી છે. તેની લંબાઈ ૮૪ મીટર છે. વાવના સ્થપતિ ભીમાપુત્ર હતા.
- અડાલજની વાવ હિન્દુ- ઈસ્લામિક સ્થાપત્ય શૈલીમાં બનાવેલી છે .
- ૧૨૧૦ વર્ષ પુરાણું અંબાજીમાતાનું મંદિર અંબોડમાં આવેલું છે. આ ઉપરાંત તે મીની પાવાગઢ તરીકે પણ ઓળખાય છે.
- જૈન આરાધના કેન્દ્ર કોબામાં આવેલ છે.
- ગાંધીનગરમાં ગીફ્ટ સિટી( ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક- સીટી ) આવેલી છે.
- ગાંધીનગર જીલ્લાના રૂપાલમાં આસો સુદ નોમના દિવસે વરદાયિની માતાજીના મંદિરે શુદ્ધ ઘી ચડાવવામાં આવે છે.
- વાસન ગામમાં વૈજનાથ મહાદેવ ૧૧૭ વર્ષ જૂનું મંદિર આવેલું છે.
- ઉત્કંઠેશ્વર મહાદેવ મંદિર દેવકરમુવાડા ગામે આવેલું છે.
- નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી(NIFD) સંસ્થા ગાંધીનગરમાં આવેલી છે.
- અડાલજમાં દાદાન ભગવાન ફાઉન્ડેશન પ્રેરિત ત્રિમંદિર આવેલું છે.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ગાંધીનગર શહેર નજીક સાબરમતીને કિનારે ધોળેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવેલું છે.
- ખોરજ ગામમાં ખોડિયાર માતાનું મંદિર આવેલુ છે.
- કલોલમાં ઈફકોનું ખાતરનું કારખાનું , સુતરાઉ કાપડની મિલ અને ખનીજતેલના કૂવા આવેલા છે.
- ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલની સમાધિ નર્મદા ઘાટ,ગાંધીનગરમાં આવેલ છે.
- ગુજરાતનો સૌપ્રથમ કેરોસીનમુક્ત જિલ્લો ગાંધીનગર છે.
- ગુજરાતનું પ્રથમ વાઈફાઈ અને દેશનું પ્રથમ ડિજિટલ સિટી ગાંધીનગર છે.
- ભગવાન ધર્મનાથની પવિત્ર મૂર્તિ ધરાવતું સ્થળ પાંસર ગાંધીનગર જીલ્લામાં આવેલું છે.
- ગાંધીનગર જિલ્લાના પાનસરમાં ભગવાન ધર્મનાથની પવિત્ર સ્થળ આવેલું છે.
- વિશ્વમાં ડાયનાસોર ઈંડાઓનું બીજું સૌથી મોટું સેવન-ગૃહ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ગણવામાં આવે છે.
- ગુજરાતનું સર્વ પ્રથમ ગોકુળિયું ગામ- રાયસણ (તા°જી-ગાંધીનગર)
- ગુજરાતની સૌપ્રથમ લૉ યુનિવર્સિટી – ગાંધીનગર
- ગુજરાતમાં વ્યસન મુક્તિ અભિયાન સૌપ્રથમ શરૂઆત - કનોરીયા હોસ્પિટલ,ભાટ
- ફાઈવ સ્ટાર ધરાવતું ભારતનું પ્રથમ રેલ્વે સ્ટેશન – ગાંધીનગર
- 
- 

gnanbhandar.com